सत्यमेव जयते

# "ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

આર.ડી. કમ્બોજ, ભાવસે
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક અને નિયામક

ક્રમાંક:ઈ.ઈ./એન.જી.સી/પ્રકૃતિ ખોજ/ટે.૧૨/બ-૧૮૫૭ ૨૦૧૭-૧૮ તા:૨૪-૦૭-૨૦૧૭

પ્રતિ,

**આચાર્યશ્રી તથા ઇકો ક્લબ ટીચર ઇન્ચાર્જશ્રી,**

એન.જી.સી. ઇકો ક્લબ શાળા

તમામ *(ઈમેલદ્વારા)*

**વિષય: "પ્રકૃતિ ખોજ – ધી એન્વાયર્મેન્ટ ક્વિઝ" બાબત**

**સંદર્ભ: ભારત સરકારના પત્ર ક્રમાંક F. No. 13-1/2016-EE તારીખ 07-07-2017**

ભારત સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ખાસ એન.જી.સી. ઇકો ક્લબ ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓ માટે ખાસ ઓનલાઇન સ્પર્ધા "પ્રકૃતિ ખોજ – ધી એન્વાયર્મેન્ટ ક્વિઝ" યોજવામાં આવનાર છે. આ સ્પર્ધાનો મૂખ્ય હેતુ વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષણ અને સંરક્ષણ અંગે સંવેદનશીલ અને જાગૃત કરવાનો છે. આ ક્વિઝના પ્રથમ ચરણમાં 8 થી 18 વર્ષના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધાની અન્ય વિગતો નીચે મુજબ છે:

**1)** સ્પર્ધા નીચે મુજબના ત્રણ વયજૂથ માટે યોજવામાં આવશે;
   a) 08 થી 12 વર્ષ
   b) 13 થી 15 વર્ષ
   c) 16 થી 18 વર્ષ

**2)** સ્પર્ધાની શરૂઆત "શિક્ષક દિન" ના રોજ એટલે કે 5 સપ્ટેમ્બર 2017 ના રોજ કરવામાં આવશે. સ્પર્ધાનું પ્રથમ ચરણ 31 ડિસેમ્બર 2017 સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**3)** સ્પર્ધા જરૂરિયાત મુજબના બે કે ત્રણ તબક્કામાં યોજવામાં આવશે. પ્રથમ બે તબક્કા રાજ્ય કક્ષાના રહેશે. રાજ્ય કક્ષાના પસંદગી પામેલા સ્પર્ધકો રાષ્ટ્રીય સ્તરે ભાગ લેશે જે માટેની સ્પર્ધા જરૂરિયાત મુજબ બે કે ત્રણ તબક્કામાં યોજવામાં આવશે.

   a) **રાજ્ય કક્ષાની સ્પર્ધા**
      i) **પ્રથમ તબક્કો:** આ તબક્કામાં 10 પ્રશ્નો 5 મીનીટ (30 સેકન્ડ પ્રતિ પ્રશ્ન) માટે સ્ક્રિન પર રહેશે. આ તબક્કો સફળતા પૂર્વક પાર કરનાર વિદ્યાર્થી બીજા તબક્કામાં પ્રવેશશે.
      ii) **બીજો તબક્કો:** આ તબક્કામાં 10 પ્રશ્નો 5 મીનીટ (30 સેકન્ડ પ્રતિ પ્રશ્ન) માટે સ્ક્રિન પર રહેશે. આ તબક્કો સફળતા પૂર્વક પાર કરનાર વિદ્યાર્થી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે આગળ વધશે.

   b) **રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા**
      i) **ત્રીજો તબક્કો:** આ તબક્કામાં 5 પ્રશ્નો 2.5 મીનીટ (30 સેકન્ડ પ્રતિ પ્રશ્ન) માટે સ્ક્રિન પર રહેશે. આ તબક્કો સફળતા પૂર્વક પાર કરનાર વિદ્યાર્થી ચોથા તબક્કામાં પ્રવેશશે.
      ii) **ચોથો તબક્કો:** આ તબક્કામાં 5 પ્રશ્નો 2.5 મીનીટ (30 સેકન્ડ પ્રતિ પ્રશ્ન) માટે સ્ક્રિન પર રહેશે. આ તબક્કો સફળતા પૂર્વક પાર કરનાર વિદ્યાર્થી પાંચમા તબક્કામાં પ્રવેશશે.
      iii) **પાંચમો તબક્કો:** આ તબક્કામાં 5 પ્રશ્નો 2.5 મીનીટ (30 સેકન્ડ પ્રતિ પ્રશ્ન) માટે સ્ક્રિન પર રહેશે.

**4)** સ્પર્ધા માટેની તારીખો અગાઉથી એન.જી.સી ના પોર્ટલ (www.ngc.nic.in) પર મુકવામાં આવશે તેમજ સ્ટેટ નોડલ એજન્સીને તેમજ સ્પર્ધકોને જાણ કરવામાં આવશે.

**5)** સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓના નામ આપ "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર ને આ સાથે સામેલ ડિજિટલ ફોર્મ ના માધ્યમથી મોકલી શકો છો. સ્પર્ધકોના નામ સાથે મોબાઈલ નંબર અને ઈમેઇલ અચૂક આપવાનો રહેશે. આ ઈમેઈલ પર દરેક સ્પર્ધકનું લોગ ઇન આઇ.ડી. અને પાસવર્ડ મોકલવામાં આવશે.

6) પ્રત્યેક ઇકો ક્લબ પ્રત્યેક વયજૂથ માટે વધુમાં વધુ પાંચ સ્પર્ધક મોકલી શકશે. એટલે કે પ્રત્યેક ઇકો ક્લબ માંથી વધુમાં વધુ 15 સ્પર્ધકો સ્વીકારવામાં આવશે. સ્પર્ધકોની પસંદગી માટે શાળા આંતરિક સ્પર્ધાનું આયોજન પણ કરી શકે છે.

7) સ્પર્ધાના દરેક તબક્કા પછી દરેક સ્પર્ધકને સ્પર્ધામાં ભાગ લેવા બદલનું ઈ-સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) આપવામાં આવશે. તેમજ રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર વિજેતાઓને નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

| ક્રમ | વય જૂથ | પ્રથમ ઇનામ | બે દ્વિતિય ઇનામ | પાંચ તૃતિય ઇનામ | 10 પ્રોત્સાહન ઇનામ | કુલ ઇનામોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| 1 | 8 થી 12 વર્ષ | ₹ 50,000 | ₹ 40,000 | ₹ 25,000 | ₹ 10,000 | 18 |
| 2 | 13 થી 15 વર્ષ | ₹ 50,000 | ₹ 40,000 | ₹ 25,000 | ₹ 10,000 | 18 |
| 3 | 16 થી 18 વર્ષ | ₹ 50,000 | ₹ 40,000 | ₹ 25,000 | ₹ 10,000 | 18 |

8) વિજેતાઓ કોમ્પ્યુટર સોફ્ટવેરની મદદથી નક્કી કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં સેક્રેટરી, વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર નો નિર્ણય આખરી રહેશે.

9) આ અંગે વધુ માહિતી માટે આપ શ્રી આલાપ પંડિત, નેચર એજ્યુકેટર, "ગીર" ફાઉન્ડેશનનો મો. +91-7573020420 પર સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૩૦ સુધીમાં સંપર્ક કરી શકો છો.

**10) નોમિનેશન તા. ૩૧-૦૮-૨૦૧૭ (૩૧ ઑગસ્ટ ૨૦૧૭) સુધી સ્વીકારવામાં આવશે.**

**11) નોમિનેશન (સ્પર્ધા માટે સ્પર્ધકોના નામ) મોકલવા માટેનું ફોર્મ ખોલવા અહિં ક્લિક કરો અથવા આ ફોર્મ આપ "ગીર" ફાઉન્ડેશન ની વેબસાઈટ www.geerfoundation.gujarat.gov.in પરથી પણ ખોલી શકો છો.**

(આર.ડી. કમ્બોજ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક અને નિયામક,
"ગીર" ફાઉન્ડેશન,
ગાંધીનગર

**નકલ સાદર રવાના**

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી / એચ.ઓ.એફ.એફ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વાઇલ્ડલાઈફ / ચીફ વાઇલ્ડલાઈફ વોર્ડન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના**

- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ યોજના, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- જિલ્લા કલેક્ટરશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ આ સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ સારુ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ આ સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ સારુ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ આ સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ સારુ
- જિલ્લા સંકલનકારશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ આ સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ કરવા તેમજ ઇકો ક્લબ શાળાઓને જાણ થાય તેવી જરૂરી કાર્યવાહી સારુ

**નકલ રવાના**

- નાયબ નિયામકશ્રી ઈ.ઈ , "ગીર", ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- શ્રી વાય.ડી. પરમાર, મદદનીશ વન સંરક્ષકશ્રી (ઈઈ), "ગીર", ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- પાર્ક વૉર્ડન વ પરિક્ષેત્ર વન અધિકારી, અરણ્ય ઉદ્યાન તરફ જાણ તેમજ આ સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ કરવા સારુ
- પાર્ક વૉર્ડન વ પરિક્ષેત્ર વન અધિકારી, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તરફ જાણ તેમજ આ સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ કરવા સારુ

"ગીર" ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પો.ઓ. સેક્ટર – ૭, ગાંધીનગર – ૩૮૨ ૦૦૭, ગુજરાત
ફોન: (૦૭૯) ૨૩૯૭૭૩૦૦ / ૩૦૪, ફેક્સ: (૦૭૯) ૨૩૯૭૭૩૧૩
E-Mail: geer.ngc@gmail.com, Website: www.geerfoundation.gujarat.gov.in